# સૌરાષ્ટ્ર



કચ્છ, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ જીલ્લાના સમાચારો

## રાણાવાવ પાલિકા પ્રમુખ સામે મિલકત સંબંધી ધમકીની ફરિયાદ

**પોરબંદર,**
રાણાવાવની મુખ્ય બજારનાં સ્નેહલ રોડ ઉપર આવેલી હિજરતી ગણાતી મિલકતનો કબજો લેવા માટે રાણાવાવ નગરપાલિકાના પ્રમુખ સામતભાઈ નગરપાલિકાના પ્રમુખ સામતભાઈ ગોગને પ્રયાસો કરીને મહાનના તાળા તોડી નાખ્યા અંગે તથા ધમકીની એક પોલીસ ફરિયાદ મહમદ ઈકબાલ મહમદ યુનુશ (ઈકબાલ બાટલીવાલા) એ નોધાવતા ભારે ચકચાર જાગી છે. જો કે પાલિકા પ્રમુખે આરોપને બેબુનિયાદ ગણાવી ખંડન કર્યું છે.

દરમિયાન આ હિજરતી બંગલાની અંદરના ભાગમાં છેલ્લી ત્રણ પેઢીથી વસવાદ કરતા અને જે તે માલિકના નોકર હોવાનો દાવો કરતા કેટલાક કુટુંબોના સભ્યોમાંથી એક શાંતાબેન નામના ભાડુઆતે પોતાને તથા બધાને જગ્યા ખાલી કરી નાખવા અંગે કોશિશ કરી રહેલા અને આ મિલકત હાજી ઈશા હાજી સુમરા ટસ્ટની હોવાનું જણાવી અને પોતાને વહીવટદાર ગણાવતા ઈકબાલ બાટલીવાળાની સામે પોલીસ ફરિયાદ નોધાવી દીધી છે.

આ અંગે રાણાવાવ નગરપાલિકાના પ્રમુખ સામતભાઈ ગોગને એમ જણાવ્યું હતું કે, શહેરના મેમણ ક્ષાતિના પૈસાદાર લોકો દ્વારા ૫૦-૬૦ વર્ષ પહેલા બનાવવામાં આવેલ બંગલાઓ સહિતની મિલકતના હવે કોઈ વારસસાદો કે ધણીધોરી નહી હોવાથી અને તેની

### આરોપોનું ખંડન કરતા પ્રમુખ સામતભાઈ ગોગન

અંદર ચોરીદાર નોકર વગેરે રહેતા લોકોને કેટલાક શખ્સો રાજરીય ઈશારે જગ્યા ખાલી કરાવવાના પ્રસાયો કરી રહ્યા છે. આવા લોકો મારી પાસે મદદ માગવા પણ આવ્યા હતા તેથી હવે મારી સામે પણ નોધાવેલી ફરિયાદ રાજકીય હોવાનું માનું છું.

આ મિકલ નગરપાલિકાના ચોપડે હોવાથી તેની જર્જરિત હાલત જોવા પાલિકા પ્રમુખ સામતભાઈના જણાવ્યા મુજબ પોતે અને કેટલાંક સુધરાઈ સભ્યો પણ ગયા હતા અને જો ગ્રાન્ટ મળે તો મહારાણા નટવરસિંહજી લાયબ્રેરીના નામથી જ રાણાવાવનો એક પુસ્તકાલય આપવાનું આયોજન છે. આવી મિલકતો બચાવી પાડવાના મનસુબા સાથે તથા ટ્રસ્ટનાં નામે રાજકીય ઈશારે મારી ફરિયાદ કરવામાં આવી તે કમનસીબી છે.

## સૌ. યુનિ. માં પ્રથમ નંબરે ઉર્તિણ થતી વિરપુરની શ્રુતિ જોષી



**જેતપુર,**
જેતલસર હાઈસ્કુલના માજી આચાર્ય ચંદ્રકાંતભાઈ જોષી વિરપુર જલારામના પુત્રી શ્રુતિ જોષીએ ગત નવેમ્બાર-૨૦૧૨મા લેવાયેલ એમ.એસ.સી.આઈ.ટી. અને સી.એ. ફોટો-૩ ની પરીક્ષામાં ૮૮.૨ ટકા જેવું જળહળતું પરિણામ હાંસલ કર્યું છે. આ વાતથી તેમની કોલેજ સી.સી.એમ. આઈ.ટી.કોલેજ જૂનાગઢનાં પ્રોફેસર ગઈ આ અભ્યાસમાં સૌરાષ્ટ્રમાં યુનિવર્સિટીમાં પ્રથમ નંબર મેળવનાર શ્રુતિની ભેજસ્વીતાની કદર કરી અભિનંદન પાઠવ્યા હતા તો વિરપુર બ્રહ્મસમાજનું ગૌરવ પણ શ્રુતિએ વધાર્યું હોવાનું તેમના પિતા ચંદ્રકાંતભાઈ જોષીએ જણાવ્યું હતું.

## કચ્છમાં હવે સ્વાઇન ફ્લૂની રસી ખાનગી દવાખાનામાં લેતાં દર્દીઓ

**ગાંધીધામ,**
ગાંધીધામ સહિત સમગ્ર કચ્છમાં સ્વાઈન ફ્લૂના કહેરને કારણે ૧૪ વ્યક્તિ જીવ ગુમાવી ચૂકી છે અને ૨૫થી પણ વધુનો નેગેટિવ વિભાગના પેટનું પાણી હલતું નથી. જેને પગલે લોકોમાં જોઈએ તેટલી જાગૃતિ આવતી નથી પરંતુ મીડિયામાં આવતા અવારનવાર અહેવાલના પગલે લોકોમાં હવે સરકારને ભરોસે રહેવાના બદલે ખાનગી તબીબો પાસેથી સ્વાઈન ફ્લૂની રસી લેવાનું શરૂ કરી દીધું છે.

ગાંધીધામમાં તેમજ આસપાસના વિસ્તારમાં ત્રણ વ્યક્તિના સ્વાઈન ફ્લૂથી મોત થઈ ચૂક્યા છે અને હજુ પણ કેટલાકના રિપોર્ટ નેગેટિવ આવી રહ્યા છે ત્યારે સંકુલની ખાનગી હોસ્પિટલોમાં સ્વાઈન ફ્લૂ અંગેની રસી લેવાનું ચલણ છેલ્લા એક અઠવાડિયા દરમિયાન વધું હોવાનું જોવા મળી રહ્યું છે.

સ્વાઈન ફ્લૂનો ટેસ્ટ કરાવવા માટે આખા જિલ્લામાંથીલ લોકોને ભુજ આવવું પડતું હોય છે તેમજ આ અંગેની દવા કે જાણકારી મેળવવા માટે પણ જિલ્લા મથક પર આધાર રાખવો પડી રહ્યો છે ત્યારે લોકોએ જાતે જ જાગૃત થઈને પ્રાઈવેટ હોસ્પિટલમાં વેક્સિન કરાવવાનું શરૂ કરી દીધું છે.

## પરજાઉમાં છેડતી કરી ચાકુથી હુમલો કરનારાને પાંચ વર્ષની કેદ

**ગાંધીધામ,**
અબડાસા તાલુકાના પરજાઉ ગામની સીમમાં બિભત્સ માગણી સાથે મહિલાની છેડતી કરીને તેના પર ચાકુથી હુમલો કરવાના ચકચારી કેસમાં ભુજની ચીફ કોર્ટે નરાધમને સબક શીખવાડવા પાંચ વર્ષની સખત કેદની સજા કરીને રૂા.૨૫,૦૦૦નો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો.

અબડાસા તાલુકાના વાડી વિસ્તારમાં એક મહિલા સાથે છેડતી કરવામાં આવી હતી. તાબે ના થયેલી આ સ્ત્રી પર ચાકુથી હુમલો કરીને ગળાના ભાગે ધા મારીને ગંભીર ઈજા પહોંચાડવામાં આવી હતી. આ

### નરાધમને સબક શીખવાડવા કેસ ભુજની કોર્ટમાં તબદિલ કરાયો

બનાવની આરોપી સની ધાણક સામે જખૌ પોલીસમા મહિલાએ ફરિયાદ નોંધાવતા શરૂણાં આ કેસ નલિયા કોર્ટમાં ચાલ્યો હતો. ગુનાની ગંભીરતા જોતાં આરોપીને વધુ સજા મળે એ હેતુથી કેસને ભુજની ચીફ કોર્ટમાં તબદિલ કરવામાં આવ્યો હતો. જ્યાં સરકાર પક્ષની દલીલો ગ્રાહ્ય રાખીને ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ડી.એમ. આચાર્યએ આરોપીને તકસીરવાન ઠેરવીને તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડ્યાના ગુનામાં પાંચ વર્ષની સખત કેદ અને રૂા.૨૫,૦૦૦નો દંડ ફટકારતી સજા કરી હતી. જ્યારે છેડતી કરવાના ગુનામાં વધુ એક વર્ષની સખત કેદ ફરમાવી હતી.

ઉલ્લેખનીય છે કે, આરોપી દંડ ન ભરે તો તેને વધુ છ માસની સાદી કેદનો હુકમ પણ કરવામાં આવ્યો હતો. આરોપી દંડની રકમ ભરે તો એમાંથી ૨૦ હજાર ભોગ બનેલી સ્ત્રીને આપવા પણ અદાલતે આદેશ કર્યો હતો.

## કામ ને થાક શાનો લાગે ભાઈ !



માણસનું કર્મ માનવીનું કાર્ય જો માનવી સાચી નિષ્ઠાથી કરે તો કહેવાય છે એવા કામનો થાક ન લાગે.

ઢળતી ઉંમરમાં હરીભજન- ધ્યાન દર્શન તો શ્રેષ્ઠ છે. પરંતુ જો એનાથી વધુ જો કોઈ શ્રેષ્ઠ હોય તો એ કર્મ છે. વ્યકિતના હાથપગ ચાલે ત્યાં સુધી કામ કરતા રહે એ કદાચ સૌથી ઉતમ હશે.

આ તસવીરમાં ધોરાજીના ૮૦ વર્ષની ઉંમરે પહોંચેલા અને હજામત કરતા વયોવૃધ્ધ ઝાડના છાંયે કુદરતી ઠંડકમાં દાઢી કરતા નજરે પડે છે. તસવીર પરથી લાગે છે કે આ બંને વિતેલા વર્ષોની પળોને યાદ કરી વર્તમાનમાં કર્મના સિધ્ધાંત ને અનુસરી રહયા છે. ★

## શ્રી કેરીયા ટીંબા હનુમાનજીની જગ્યામાં પંચ મહાકૂંડી યજ્ઞનું આયોજન



**જેતપુર,**
ઉપલેટા તાલુકાના ત્રણ ગામો મજેઠી, પાટણવાવ અને થાનિયાણાના સિમાડે વિકસેલી શ્રી કેરીયાટીંબા હનુમાનજીની જગ્યામાં તા.૨૫/૪/૨૦૧૩ના રોજ પંચમહાકૂંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે સવારથી જ મહાઆરતી, રામધુન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ પાઠ તથા પ્રસાદનું આયોજન કરાયું છે. તેમજ માણાવદરનાં શાસ્ત્રી મનસુખલાલ દવે સહિતનાં ભૂદેવો દ્વારા સાસ્ત્રોક વિધિથી યજ્ઞ થનાર હોય, ઉપરોક્ત ત્રણેય ગામોની ધર્મપ્રેમી જનતાએ આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા જગ્યાના મહંત પુ.પરસોત્તમદાસ ગુરૂ નંદકિશોરદાસ તથા મજેઠીનાં મેપાભાઈ ડાંગર દ્વારા અનુરોધ કરાયો છે. ★

## વડોદરા રેલવે સ્ટેશને
## હાવડા-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી ૬.૮૦ લાખની નકલી નોટ સાથે ચાર ઝડપાયા

**વડોદરા,**
વડોદરા રેલવે સ્ટેશન પર આજે હાવડા- અમદાવાદ એક્સપ્રેસ ઉતરેલા ચાર જણાને રેલવે એસઓજી તથા રેલવે પોલીસે રૂપિયા ૬ લાખ ૮૦હજારની નકલી નોટો સાથે ઝડપી પાડ્યા હતાં. ચારે જણાં પાસેથી ૫૦૦ તથા ૧૦૦૦નાં દરની નોટોનો જથ્થો મળી આવ્યો છે. ઝડપાયેલા ચારે જણાં પશ્ચિમ બંગાળનાં રહેવાસી છે. પોલીસે ચારેય જણાંની ધરપકડ કરી તેઓ ક્યાંથી નકલી નોટો લાવ્યા હતાં અને કોને નોટો આપવાની હતી તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર હાવડા-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાં બેઠેલા ચાર શખ્સો નકલી નોટોના જથ્થો લઈને જઈ રહ્યાં છે તેવી બાતમી વડોદરા એસઓજીના પો.ઈ. એન.એમ. વાઘેલાને મળી હતી. જે બાતમીને આધારે આજે બપોરે વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૬ ઉપર સ્ટાફ સાથે વોચમાં હતાં.

તે દરમ્યાન ટ્રેન આવતા તેમાંથી ઉતરેલા મુસાફરો પૈકી ચાર મુસાફરો શંકાસ્પદ લાગતા રેલવે પોલીસ તથા એસઓજી પોલીસે ચારે જણાને અટકાવ્યા હતાં. તેમની પુછપરછ તથા તેમની પાસેના સામાનની તલાસી લે તે પહેલાં બે જણાં ભાગ્યા હતાં. જેથી પોલીસના શંકા મજબુત બની હતી. પોલીસ જવાનોએ બંનેનો પ્લેટફોર્મ પર પીછો કરી બંને જણાંને ઝડપી પાડ્યા હતાં.

ઝડપાયેલા ચારે જણાના સામાનની તલાસી લેતા તેમની પાસેથી ૫૦૦ તથા ૧૦૦૦નાં દરની નોટોના બંડલ મળી આવ્યા હતાં. પોલીસે એફએસએલ નિષ્ણાંતોની મદદ લેતા તમામ ચલણી નોટો નકલી હોવાનું માલુમ પડ્યું હતું. જેને પગલે પોલીસે રૂા.૬ લાખ ૮૦ હજારની નકલી નોટોનો બંડલો કબજે કર્યા હતાં.

પોલીસે ચારે જણાંની પુછપરછ ખરતાં ચારે જણાંએ પોતાના નામ મોહંમદ રૂકુ રફીકમીયા શેખ, શમીઉલ્લા અબ્દુલરહેમાન, અરીફુલ હક્ક હઝરત અલી શેખ તથા અબ્દુલ બારકેકુમુલ શેખ તથા પોતે પશ્ચિમ બંગાળમાં રહેતા હોવાનું જણાવ્યું હતું. રેલવે પોલીસે ચારે જણાંની ધરપકડ કરી આટલી માતબર નકલી નોટો ક્યાંથી લાવ્યા હતા. અને નકલી નોટો કોને આપવાની હતી તે તમાની પુછપરછ હાથ ધરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય અર્થતંત્રને નુકશાન પહોંચાડવા પડોશી દેશો હવે નકલી ચલણી નોટો મોટા પ્રમાણમાં છાપી ભારતના બજારમાં ફરતી કરી રહ્યાં છે.

## જામનગરમાં ખોટું સોનું ધાબડતા અમદાવાદના દંપતીની ધરપકડ

**જામનગર,**
જામનગર શહેર-જિલ્લામાં સાચા સોનાના નામે ખોટું સોનું ધાબડી દઈ લોકો સાથે છેતરપિંડી કરતી ગેંગને પકડવા જામનગર એલ.સી.બી. પોલીસે તપાસ હાથ ધરી હતી. દરમિયાન ચોક્કસ બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેકટર જી.એ. સરવૈયા, પી.એસ.આઈ. પી.વી. જાડેજા તથા તેમના સ્ટાફે રણજીતસાગર રોડ પર મારૂ કંસારા સમાજની વાડી પાસેથી અમદાવાદના પન્નાભાઈ ચતુરભાઈ રાઠોડ (મારવાડી) તથા તેમના પત્ની મણિબેનને ઝડપી લઈ તેઓ પાસેથી ખોટા સોનાના ઘરેણા તથા રૂા.૧ લાખ ૨૧ હજારની રોકડ રકમ કબજે કરી હતી. આ દંપતીની પૂછપરછમાં જામનગર હવાઈ ચોક પાસે ડો. ગોહિલ સાથે તથા જામનગર જિલ્લાના જમજોધપુર, ભાણવડ, લાલપુર, દ્વારકા, કલ્યાણપુર તાલુકામાં અને રાજકોટ તથા અમદાવાદમાં ૧૨ વ્યક્તિઓને સાચા સોનાના નામે ખોટું સોનું દઈ છેતરપિંડી કરી હોવાનું કબૂલ કર્યું હતું. આ દંપતી સાથે છેતરપિંડીમાં સંડોવાયેલા બાપડ ગામના હરિભાઈ માનસી સોલંકી અને વિજય કાનાભાઈ સોલંકી સંડોવાયા હોવાનું ખૂલતા પોલીસે તેઓને પકડવાની કાર્યવાહી હાથ ધરી છે.

## વિરમગામ-સુરેન્દ્રનગર માર્ગ પર
## થોરીમુબારક ગામ પાસેથી કેનાલમાંથી અજાણ્યા યુવકની લાશ મળી

**વિરમગામ,**
વિરમગામ-સુરેન્દ્રનગર માર્ગ પર આવેલ થોરીમુબારક ગામ પાસેથી પસાર થતી નર્મદાની સૌરાષ્ટ્ર તરફ જતી મુખ્ય કેનાલમાંથી અજાણ્યા યુવકની હાથ-પગ દોરડા વડે બાંધેલી હાલતમાં લાશ મળી આવતા વિરમગામ ગ્રામ્ય પોલીસે લાશનો કબજો લઈ પીએમ માટે વિરમગામ મહાત્મા ગાંધી હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ થોરીમુબારક ગામ પાસેની સૌરાષ્ટ્ર તરફ જતી નર્મદાની મુખ્ય નહેરમાંથી કોઈ લાશ તરત હોવાની માહિતી ગામના સરપંચ હીરાભાઈને થતાં તેઓએ વિરમગામ ગ્રામ્ય પોલીસસ્ટેશને જાણ કરતા તાત્કાલિક કેનાલ પર આવી પહોંચેલી પોલીસ દ્વારા લાશને બહાર કાઢતા લાશના હાથ-પગ દોરડાથી બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા.

શ્રમિક જેવા લાગતા આશરે ૧૮ વર્ષના યુવાનની કોઈ ઓળખ પ્રાપ્ત થઈ નહીં હોવાથી પોલીસે લાશનો કબજો લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ અંગે પોલીસ શંકાસ્પદ મોત અંગે કોઈએ હાથ-પગ બાંદી યુવકને મારીને શંકા સેવી રહી છે. આ અંગે રૂરલ પોસઈ આર.બી. રાણા સઘન તપાસ ચલાવી રહ્યા છે.

## ખંભાતના માદળા તળાવમાંથી આધેડનો મૃતદેહ મળતાં ચકચાર

**ખંભાત,**
ખંભાતનું પ્રાચીન અને ઐસિહાસિક માદળા તળાવ મડદાં તળાવ બન્યું હોય તેમ આ તળાવમાંથી મૃતદેહ મળવાની ઘટના થંભતી નથી. વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૩ માં જેટલા મૃતદેહો આ તળાવમાંથી બહાર કઢાયા હોઈ ખંભાત ન.પા. ફાયર બ્રિગેડ પણ ચિંતા વ્યક્ત કરી છે. તળાવમાં ગત રાત્રિના પણ આત્મહત્યાનો વધુ એક બનાવ બનતાં એક જ વર્ષમાં મૃત્યુ આક ૧૪ ઉપર પહોચ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ખંભાતનાં પ્રાચીન માદળા તળાવમાં કોઈ અજાણ્યા આધેડની લાશ પાણીમાં તરતી હોઈ કુતુહલ વશલોકોમાં ટોળા એકત્રિત થઈ ગયા હતાં. ફાયર બ્રીગેડની ટીમે મૃતદેહ બહાર કાઢી પોલીસે ઓળખવિધિ હાથ ધરતા મૃતક માછીપુરા વિસ્તારમો હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ માદળા તળાવમાંથી પ્રતાપભાઈ શનાભાઈ હરીજન ઉ.વ. ૫૫નો મૃતદેહ મળી અવતાં તેના વાલીવારસોને જાણ કરી હતી. જેને પગલે શનાભાઈ હરીજનના પરીવાજનોને કેનેડી હોસ્પિટલમાં પી.એમ. બાદ મૃતદેહ સોપાયો હતો.

માદળા તળામાં હાલ આત્મહત્યાનું પ્રમાણ વધ્યું હોઈ શહેરીજનો માટે પણ ચિંતાનો વિષય બન્યો છે. વેપારી અગ્રણી નવનીતભાઈ જણાવ્યું હતું અમે સવારે દુકાન ખુલતા પહેલા તળાવમાં નજર મારી લઈએ છીએ. કારણ અ મોત તે આત્મહત્યાની ઘટના તળાવમાં વારંવાર સર્જાય છે.

## નાના એવા વીજપડીમાં પાણીની મુશ્કેલી: મહી પરીએજ પાણી અનિયમિત મળે છે!

**સાવરકુંડલા,**
સાવરકુંડલાના વીજપડીમાં પાણીની મુશ્કેલી સર્જાઈ છે. અને પાણી માટે વલખા મારતી પ્રજા ગ્રામ પંચાયતકચેરીએ ધકકા ખાય છે. જયારે સરકારશ્રી દ્વારા થતી પાણી વિતરણ વ્યવસ્થા અયોગ્ય અને અનિયમિત હોવાથી લોકો હેરાન પરેશાન થઈ રહયાં છે. ઉનાળાની હજુ શરૂઆત જ થવા પામેલ છે ત્યાં સાવરકુંડલા તાલુકાનાં ગામડાઓમાંથી પાણીની બુમો ઉઠવા પામી છે.

વીજપડીમાં નર્મદાનું પાણી આપવામાં આવે છે જે હમણાં અનિયમિત અને અપ્રમાણસર આપવામાં આવતું હોવાથી પ્રજા પાણી વિના પરેશાન થઈ ગઈ છે. પાણી માટે મહિલાઓ ઠેરઠેર ભટકયા કરે છે. અને થાકી હારીને કંટાળીને ગ્રામ પંચાયત કચેરીએ ધકકા ખાય છે. જયારે આ અંગે સરપંચ ખીમજીભાઈ ગુર્જરના જણાવ્યા અનુસાર મહી પરીએજ યોજના આધારીત વીજપડીમાં પાણી વ્યવસ્થા છે. જે ખૂબ જ અનિયમીત અને પુરતા પ્રમાણમાં આવતું ન હોવાથી બાર હજારની જનતા પાણી માટે વલખા મારી રહી છે. આ અંગે ઉચ્ચકક્ષાએ અનેકવાર રજુઆત અથડાતી હોવાની પ્રતિતી થઈ રહી છે.

## ઔરંગાબાદથી ચોરાયેલી બોલેરો જીપમાં એફએસએલએ પુરાવા એકત્ર કર્યા

**નવસારી,**
નવસારી તાલુકાનાં ધારાગીરી ગામની સીમમાં મુંબઈથી અમદાવાદ જતા રોડ ઉપરથી ને.હા.૮ ઉપર મુળ બનાસકાંઠાના ફિરોઝપુરમાં અને હાલમાં વાપી રહી ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા ઈસમની હયુન્ડાઈ સોનાટા કારને બોલેરો જીપ અથડાવી સોનાટા કાર લૂટી ભાગી જવાના ગુનામાં ગુનામાં આજે પોલીસે કબ્ડો લીધેલી બોલેરો જીપમાંથી એફએસએલે પુરાવા એકત્ર કર્યા હતા. તેમજ આજે આ ઔરંગાબાદથી ચોરાયેલી બોલેરોનાં માલિકે નવસારી રૂરલ પોલીસ મથકમાં આવી પોતાની

### બોલેરો જીપમાં માલિકે નવસારી રૂરલ પોલીસ મથકમાં આવી આપવીતી કહી

આપવીતી કહી સંભળાવી હતી.

ધારાગીરી હાઈવે ઉપર બોલેરો જીપ આગળ ચાલતી હયુન્ડાઈ સોનાટા કારને અથડાવી બોલેરો જીપ મુકી સોનાટા કાર લઈનો ભાગી જવાના કેસમાં ઔરગાબાદથી બોલેરો જીપના માલિત અને ઔરંગાબાદથી બોલેરા જીપનાં માલિક અને ઔરંગાબાદ સ્થિત વૈજાપુર ખાતે ગીરાજ ગામમાં રહેતાં કૈલાસ યમરાડ ઢુબે પોતાની બોલેરો જીપ જોવા માટે આવી પહોચ્યા હતા. તેમના જણાવ્યા મુજબ ૧૩મી માર્ચના રોજ રાત્રે ૧.૦૦ વાગ્યાના અરસામાં લધુશંકા માટે તેઓ બહાર નીકળતા ગાડી પાર્ક કરેલી તેમણે જોઈ હતી. ત્યારબાદ સવારે ૫.૧૫ કલાકે જે તે સ્થળે પોતાની બોલેરો જીપ ન દેખાતા તેમણે ૧૪મી માર્ચના રોડ ઔરંગાબાગ સ્થિત શાઉખ પોલીસ મથકમાં પોતાની બોલેરો જીપ ચોરાઈ હોવા અંગે ફરીયાદ આપી હતી. આ બોલેરો જીપ તેમણે વર્ષ ૨૦૧૦માં ખરીદી હતી.

### આપની આજ
**બુધવાર**
**તા.૨૦-૩-૨૦૧૩**



મેષ : આજરોજ મુસાફરીના યોગ પ્રબળ બને છે તેમાં સફળતા મળશે.

વૃષભ : વાહન શાંતીથી ચલાવશો અકસ્માતથી વાગવાના યોગ છે.

મીથુન : ઋતુજન્ય ફેરફારોના કારણે શારિરીક અસ્વસ્થતા વધશે.

કર્ક : સંતાનો તેમજ સંતાન અંગેના દરેક પ્રકારના કાર્યોમાં સફળતા મળશે.

સિંહ : માતા તરફથી લાભ મકાન અને વાહનના કામોમાં સફળતા મળશે.

કન્યા : આજરોજ અજાણ્યા માણસોથી સાવધ રહેશો છેતરપીંડીના યોગ છે.

તુલા : જીવનસાથીના સગા સંબંધીઓ તરફથી મદદ અને લાભ મળશે.

વૃશ્ચિક : ભાગીદારો તેમજ જીવનસાથી તરફથી ઘણા બધા લાભ મળશે.

ધન : આજનો દિવસ સફળતાવાળો છે શત્રુઓ તેમજ હરીફો પર વિજય મળશે.

મકર : આજનો દિવસ ઉત્તમ છે અચાનક ધન પ્રાપ્તીનો યોગ પ્રબળ બને છે.

કુંભ : આજરોજ ધંધા વ્યવસાયની આવકમાં વધારો થાય નવા ગ્રાહકો મળે.

મીન : ધાર્મીક તેમજ માંગલીક કાર્યોમાં ભાગ લેવાની તક મળશે.

-ભરતભાઈ ભાવસાર




'વેસ્ટર્ન ટાઈમ્સ ગૃપ ઓફ પબ્લીકેશન્સ'ના ૩૯ વર્ષ જૂનું અંગ્રેજી દૈનિક અને ગુજરાતી દૈનિક આવૃત્તિઓ હવે ઈન્ટરનેટ પર કોઈપણ વ્યકિતને વિશ્વમાં કોઈપણ સ્થળે ઉપલબ્ધ છે.

www.westerntimes.co.in પર મુખ્ય અંગ્રેજી દૈનિક અને સવારના ગુજરાતી દૈનિકો- ગાંધીનગર વેસ્ટર્ન ટાઈમ્સ, ઝાલાવાડ વેસ્ટર્ન ટાઈમ્સ, પંચમહાલ વેસ્ટર્ન ટાઈમ્સ અને અમદાવાદનું લોકપ્રિય ગુજરાતી (બપોરની આવૃત્તિ) વેસ્ટર્ન ટાઈમ્સ અને જાણીતું ૧૬ પાનાનું વિવિધરંગી પાક્ષિક સમાચાર સંચય મુકાયાં છે.

અમે આશા રાખીએ છીએ કે, વિશ્વમાં છવાયેલા ગુજરાતીઓ આ સુવિધાનો લાભ મેળવી શકશે અને ગુજરાતમાં અને ભારતમાં વતનમાં આર્થિક, વ્યાપાર, રાજકારણ, સામાજીક તેમજ સાંસ્કૃતિક જીવનને લગતી બાબતોથી વાચક પોતાને માહિતગાર રાખી શકશે. કોઈપણ ખર્ચ વગર માઉસકલીક કરવાથી સુવિધા પ્રાપ્ય બનશે. વાચકોને અમારા ઈમેઈલ gujarati@westerntimes.co.in દ્વારા તેમની માહિતી અમને પૂરી પાડીને તેમના મંતવ્યો, તેમની સમસ્યાઓ અનેસામાજીક જરૂરિયાતો પ્રસિદ્ધ કરવા અમારા મીડીયાનો ઉપયોગ કરવા આમંત્રણ છે. અમે અમારા પ્રકાશનોની કોલમો મારફતે તેમની જરૂરિયાતનો ઝડપથી અને આધારભૂત રીતે પ્રતિભાવ આપવાનો પ્રયાસ કરીશું. મૂળ ભારતીય ગુજરાતી નાગરિકો સુધી વિશ્વભરમાં તે પહોંચી જશે.

## ગામે ગામના સમાચાર

### ખેડૂત સંમેલનમાં છાતીમાં દુ:ખાવો થતાં અગ્રણીનું મૃત્યુ

**ભાવનગર,**
ભાવનગરના લોકભારતી સણોસરા ખાતે યોજાયેલા ખેડૂત સંમેલનમાં પ્રવચન આપી રહેલા ખેડૂત અગ્રણીનું અચાનક ઢળી પડતાં મોત નિપજ્યું હતું. આ બનાવની વિગત એવી છે કે, ભાવનગર જિલ્લાના લોકભારતી સણોસરા ખાતે ખેડૂત સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં પ્રવચન રહેલા વલભીપુરના ચમારડી ગામના ખેડૂત અગ્રણી મનુભાઈ સુતરિયા (ઉ.૬૬)નું અચાનક છાતીમાં દુ:ખાવો ઉપડતાં સ્ટેજ ઉપર જ ઢળી પડતાં મોત નિપજ્યું હતું. આ બનાવથી ખેડૂતોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

### જિનિંગ મિલમાંથી રહસ્યમ રીતે યુવાનનો મૃતદેહ મળી આવ્યો

**ભાવનગર,**
જિલ્લાના ઢસામાં આવેલી જિનિંગ મિલના પાણીના ટાંકામાંથી એક યુવાનનો રહસ્યમય સંજોગોમાં મૃતદેહ મળી આવતા ચકચારી મચી ગઈ હતી. સવારે આ બનાવની જાણ થાતં પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો લઈ પીએમ માટે ગઢડા ખાતે મોકલી આપ્યો હતો. આ બનાવ અત્મહત્યાનો છે કે હત્યાનો અથવા તો આકસ્મિક તે અંગે પોલીસે તપાસનો દોર હાથ ધર્યો છે. ઢસામાં ગઢડા રોડ પર આવેલ જિનિંગ મિલમાં આવેલ પાણીના ટાંકામાંથી વસીર અમીલ સંધીનો મૃતદેહ રહસ્યમય રીતે મળી આવ્યો હતો.

### ઈશ્વરિયા ગામે ટોટા ફુટતા બે બાળકો ઘવાયા

રાજકોટ : જસદણ તાબેના ઈશ્વરિયા ગામે પંકજ રામજીભાઈ ખૂંટની વાડીમાં ખેતમજુરી કરતા અને ત્યાં જ રહેતા સગરામ તુકારામ ભૈયા નામના પરપ્રાંતીય મજુરના બે પુત્ર બલરામ (૭) અને બલવાન (૧૨) નામના બન્ને ભાઈઓ વાડીમાં રમતા હતા ત્યારે રમતા રમતા બન્ને બાળકોના હાથમાં જીલેટીનના ટોટા હાથમાં આવતા અને ફુટી જતા બન્ને બાળકો ઘવાતા રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

### સુપાસીમાં સિંહનું મારણ

વેરાવળ : વેરાવળ વન વિભાગના આર.એફ.ઓ. પડસાલાના જણાવ્યાનુસાર સવારે નવેક વાગ્યે સવનીના મૂળુભાઈ હમીરભાઈ મોરીને એક મગર નજરે પડતા તેઓએ તુરંત વન વિભાગને જાણ કરી હતી. આ ટીમે થોડીવારમાં મગરને પકડી થોડે દૂર અન્ય નદીમાં છોડી મુકી છે. વેરાવળ નજીકના સુપાસી ગામે વાડી વિસ્તારમાં ગતરાત્રી દરમ્યાન બે સિંહ ચડી આવી અલીભાઈ જમાલભાઈ તવાણીની વાડીમાં પ્રવેશી બે વાછરડાનું મારણ કરેલ હોવાની ફોરેસ્ટ ખાતાને જાણ કરવામાં આવી હતી તેમજ આજે સવારે દસેક વાગ્યે મીઠાપુર ગામના સંપ નજીક સિંહે દેખા દેતા ફોરેસ્ટ વિભાગની ટીમે આ વિસ્તારમાં પણ કોમ્બીંગ હાથ ધર્યું છે.

### કોડીનારની બે ફેકટરીમાં ચોરી

કોડીનાર : અહીંના વેરાવળ રોડ પર આવેલી બે ફેકટરીના તાળા તોડીને તસ્કરોએ ચોરી કરી હતી. આ ચોરી અંગે જલારામ ટ્રેડીંગવાળા પ્રફુલભાઈ શશીકાંતભાઈ વિઠ્ઠલાણીએ નોંધાવેલી ફરિયાદમાં તેના હસ્તકની ફેકટરીના દરવાજાના તાળા તોડી તથા ઓફિસનો દરવાજો તોડીને અંદર પ્રવેશેલા તસ્કરો રૂ.૭૦૦ની રોકડ રકમ અને ગેસનો બાટલો, બેરીંગ મળી રૂ.૩૭૦૦ની મત્તા ઉઠાવી ગયા હતા. ઉપરાંત બાજુમાં આવેલી યોગેશ્વર ટ્રેડીંગમાંથી ઘઉંના પાંચ બાચકાની ચોરી કરી ગયા હતા. આ અંગે પીએસઆઈ નોઘેરે તપાસ હાથ ધરી હતી.

### તા.૧થી ૨૦ એપ્રિલ સુધી સરકારી પ્રકાશનોના વેચાણની કામગીરી બંધ

**સુરત,**
નિયામક શ્રી સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગરના તાબા હેઠળના સરકારી પુસ્તક ભંડર અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભાવનગર તા.૧થી ૨૦ એપ્રિલ સુધી સરકારી પ્રકાશનોની ભૌતિક ચકાસણીની કામગીરી હાથ ધરવાની હોવાથી પ્રકાશનોના વેચાણની કામગીરી બંધ કરવામાં આવી છે

### જાંબાળામાં કૃભકો જૂનાગઢ દ્વારા ખેડૂતદિન કાર્યક્રમ

**જૂનાગઢ,**
કૃષક ભારતી કો. ઓપરેટીવ લી. (કૃભકો) જૂનાગઢ દ્વારા વિસાવદર તાલુકાના જાંબાળા ગામે ઘઉં (લોક-૧) પાકના બ્લોક નીદર્શન પ્લોટ પર એક ખેડૂત દિન કાર્યક્રમ યોજાયેલ. જેમાં અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજ્ય બીજ નિયમ લી.ના ભૂતપૂર્વ મેનેજીંગ ડિરેકટર ભીમજીભાઈ જે. વઘાસિયા રહ્યાં હતા. કાર્યક્રમમાં કૃષિ વૈજ્ઞાનિક એમ.સી. કટારિયા, એન.બી. ચૌહાણ અને ડીએમ. પાનસુરિયાએ રવિ પાકોની સંપૂર્ણ માહીતી આપી હતી. આ પ્રસંગે અરવિંદભાઈ કે. ધડુક, જુનાગઢના સિનિયર એરિયા મેનેજર વી.યુ. ડુંમર, મેનેજર જી.એચ. ડોડિયા વગેરે સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.